Seat No.: | | | | | | | |

Sl. No. : 100981

# 189(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ વિભાગ 'અમરેલી લઘુલિપિ' વિભાગના પરીક્ષાર્થીઓ માટે છે.
2) 'અમરેલી લઘુલિપિ' શીખ્યા હોય તેમણે જ આ વિભાગના જવાબ લખવાના છે.
3) પ્રશ્નની જમણી બાજુના અંકો પ્રશ્નોના કુલ ગુણ છે.

## (અમરેલી લઘુલિપિ)

■ નીચે આપેલા 1 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. **[15]**

1) સમૂહ રેખામાં 'કચેરી' શબ્દ માટે કયું વર્તુળ વપરાય છે ?
2) 145 - લઘુલિપિમાં કઈ રીતે લખાય ?
3) લઘુલિપિમાં પ્રથમ રેખા લખવાની લીટીને છેદીને કયારે લખાય છે ?
4) લઘુલિપિમાં નીચેથી ઊપર તરફ ગતિ કરતી રેખાઓની કઈ ગતિ કહેવાય છે ?
5) સમૂહ રેખામાં વચ્ચે આવતુ 'ય' ચિહ્ન ક્યાં લખાય છે ?
6) લઘુલિપિમાં 'વિધાનસભા' શબ્દ માટે શું લખાય છે ?
7) કડી વર્તુળમાં 'વાંચશે' શબ્દ કઈ રીતે બને છે ?
8) સામાસિક શબ્દમાં બીજા ટુકડા માટે શું લખાય છે ?
9) અમરેલી લઘુલિપિના લેખક કોણ છે ?
10) સમાંતર રેખાની ગતિ જણાવો.
11) સહેલી રેખાઓની કુલ સંખ્યા જણાવો.
12) 'શ્ર' અક્ષર એ કઈ રેખાનું જોડાણ છે ?
13) લીટીથી અધ્ધર 85 લખેલ છે તે શું દર્શાવે છે ?
14) પ, વ, ક, રેખાને અંતે 'સ' વર્તુળ ક્યાં લાગે છે ?
15) લઘુલિપિમાં કરોડ લખવા માટે કઈ રેખા લખાય છે ?

■ **નીચે આપેલા 16 થી 25 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[20]**

16) લઘુલિપિમાં સ-વર્તુળ જુદી જુદી રેખાઓની અંતે કેવી રીતે જોડાય છે ?

17) સમુહરેખામાં 'લ' - કડી કયા કયા શબ્દો માટે વપરાય છે ?

18) લઘુલિપિમાં સ્વર ચિહ્નો કેટલા છે ? ઉદાહરણ આપી સમજાવો.

19) લઘુલિપિમાં બે સીધી રેખા વચ્ચે 'જ' - વર્તુળનું જોડાણ એક ઉદાહરણ આપી જણાવો.

**અથવા**

લઘુલિપિમાં શબ્દને અંતે વર્તુળ પછી 'નહી' શબ્દનું નિરૂપણ એક ઉદાહરણ આપી જણાવો.

20) લઘુલિપિમાં 'અ' - ચિહ્ન જોડીને ક્યારે લખાય છે ?

21) લઘુલિપિમાં શબ્દ બનાવવાની રીત ટૂંકમાં જણાવો.

**અથવા**

લઘુલિપિમાં 'ન' ચિહ્ન કઈ રીતે બનશે ? ઉદાહરણ આપી જણાવો.

22) લઘુલિપિમાં 'ર' અને 'લ' કડી વચ્ચેનો તફાવત બે મુદ્દા આપી જણાવો.

23) લઘુલિપિમાં 'આઈ' - સ્વર કઈ રીતે અને તેનું એક ઉદાહરણ આપી જણાવો.

**અથવા**

સમાંતર રેખાને સ્વર ચિહ્ન ક્યાં મૂકાય એક ઉદાહરણ આપી જણાવો.

24) શબ્દમાં વચ્ચે આવતી 'લ' - કડી સ્પષ્ટ ન દર્શાવી શકાય ત્યારે કડી કઈ રીતે દર્શાવાય છે ?

25) કયા કયા સંજોગોમાં 'ર' - કડીને બદલે 'ર' - રેખાજ વપરાય છે ?

**નીચે આપેલા 26 થી 30 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[15]**

26) નીચેના શબ્દોનું લઘુલેખન કરો.

(A) નમસ્કાર

(B) ભારત

(C) કેળવણી

27) નીચેના શબ્દોના શબ્દચિહ્નો લખો.

(A) વિધાનસભા

(B) સરકાર

(C) ગુજરાત

28) નીચેના સામાસિક શબ્દોની સમાસરેખા બનાવો.
   (A) અર્થશાસ્ત્ર
   (B) ગેર બંધારણીય
   (C) સમાચારપત્ર

29) નીચેના શબ્દ સમૂહને સાથે જોડી સમૂહરેખા બનાવો.
   (A) તેમણે કહ્યું હતું કે
   (B) લક્ષ્યાંક સિધ્ધ કરવો
   (C) જીલ્લા કલેક્ટર

30) નીચેના શબ્દોની દ્વિ - રેખા બનાવો.
   (A) અનામત બેઠક
   (B) નિરક્ષરતા નિવારણ
   (C) પત્રકાર પરિષદ

■ **નીચેના 31 થી 35 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[20]**

31) કયાં ક્યાં સંજોગોમાં વ - કડીને બદલે વ - રેખા જ વપરાય છે ? ત્રણ ઉદાહરણ આપી જણાવો.

32) અમરેલી લઘુલિપિમાં જુદી જુદી રેખાઓ સાથે 'લ' - કડીનું જોડાણ ઉદાહરણ આપી જણાવો.

**અથવા**

લઘુલિપિમાં કયા કયા સંજોગોમાં ચિહ્નલોપ કરવામાં આવે છે ? ઉદાહરણ આપી જણાવો.

33) સંયુક્ત સ્વરની રૂપરેખા ઉદાહરણ આપી જણાવો.

34) લઘુલિપિમાં અધ્ધર અને છેદાતી સંખ્યા શું સૂચવે છે ? ઉદાહરણ આપી જણાવો.

35) લઘુલિપિમાં 'હ' - ચિહ્નની રૂપરેખા જણાવી શબ્દમાં તેનું સ્થાન સ્પષ્ટ કરી ઉદાહરણ આપો.

**અથવા**

લઘુલિપિમાં ઝડપી ગતિ મેળવવા માટે તમે શી કાળજી રાખશો ? તે અંગેના તમારા મંતવ્યો જણાવો.

■ **નીચે આપેલા 36 થી 41 પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[30]**

36) કડી વર્તુળના નિયમો ઉદાહરણ સાથે સમજાવો.

37) સમૂહ રેખાને ટૂંકી બનાવવા માટે કઈ કઈ બાબતોનો લોપ કરી શકાય છે ? ઉદાહરણ સાથે સમજાવો.

**અથવા**

શબ્દચિહ્નની રૂપરેખા વર્ણવી ઉદાહરણ આપી સમજાવો.

38) સમાસ રેખાની રૂપરેખા વર્ણવી ઉદાહરણ આપી સમજાવો.

39) લઘુલિપિમાં લેખન પ્રેક્ટીશ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

**અથવા**

દ્વિ-રેખાની રૂપરેખા જણાવી ઉદાહરણ આપી સમજાવો.

40) લઘુલિપિમાં રેખાના પ્રકાર જણાવી જુદા જુદા પ્રકારમાં વર્ગીકરણ કરી સમજાવો.

41) લઘુલિપિમાં 'ય' - ચિહ્ન શબ્દ રેખામાં ન, વ કડી અને ચ-વર્તુળ સાથે કઈ રીતે જોડાય છે ? ઉદાહરણ આપી સમજાવો.

◆◆◆